## 1. ટૂંકનોંધ લખો : બિનજોડાણવાદ

- બિજા વિશ્વયુદ્ધ પછી વિશ્વ ધ્રુવી વિશ્વ વ્યવસ્થાના સંકજામાં આવ્યું. અમેરિકા અને સોવિયત સંઘ અણુશસ્ત્રો ધરાવતા હતા. બંને મહાસત્તા વચ્ચેના યુદ્ધ વૈશ્વિક વિકાસને નોતરે તે કક્ષાના હતા. આ બંને મહાસત્તાઓ એકબીજાથી ચોક્કસ અંતર રાખીને સીધો સંઘર્ષ ટાળતા હતાં. 1947 થી 1990 સુધી આ પરિસ્થિતિ તૈયાર થઈ જે "ઢેડાયુદ્ધ" તરીકે ઓળખવામાં આવે છે.
- મૂડીવાદી અને બજાર આધારિત અર્થતંત્ર સામે સામ્યવાદી વિચારધારાઓની આ લડાઈએ વિશ્વના અનેક દેશોને પોત પોતાના જૂથમાં સામેલ કર્યા. આ સમયમાં ભારતના વડાપ્રધાન પંડિત નહેરુએ બંને જૂથો પૈકી કોઈ જૂથ સાથે જોડાયા વિના "બિનજોડાણવાદ"ની નીતિ અપનાવી. બિનજોડાણવાદનો સાચો અર્થ કોઈપણ સત્તાજૂથનાં ચશ્મામાંથી વિશ્વને નિહાળવું નહિ, પરંતુ પોતાના રાષ્ટ્રીય હિતોને નજર સમક્ષ રાખીને આંતર રાષ્ટ્રીય પ્રશ્નો વિશે નિષ્પક્ષતાથી નિહાળવું તેમ થાય છે. બિનજો ડાણવાદ વિરાજ કારણમાં કંડાયેલી નવી કેડી (વિચારધારા) છે. જેમાં પંડિત જવાહરલાલ નહેરુના શ્રેષ્ઠ દૃષ્ટિબિંદુ સમાવાયેલ છે.

## 2. ટૂંકનોંધ લખો : ભારતપાકિસ્તાન સંબંધો

- ભારતપાકિસ્તાન સાથેના સંબંધો : ભારતે સ્વતંત્રતા મેળવ્યા બાદ ભારતપાકિસ્તાન વચ્ચેના સંબંધો તણાવભર્યા રહ્યા છે. ઈ. 1948, 1965 અને 1971નો એમ ત્રણ વખત ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધો થયાં. તેમાં દરેક વખતે પાકિસ્તાનનો પરાજય થયો. બંને દેશો વચ્ચે તાશ્કેદ કરાર અને સિમલા કરાર થયા છતાં પાકિસ્તાન એ કરારોને નિષ્ઠાપૂર્વક અનુસરતું નથી. ઈ.સ. 1999માં કારગિલ ખાતે ભારતપાકિસ્તાન વચ્ચે યુદ્ધ થયું. બંને દેશના વડા પોતાની સમસ્યાઓનો શાંતિમય સમાધાન દ્વારા ઉકેલ લાવવા પ્રયાસ કરી રહ્યા છે.

## 3. ટૂંકનોંધ લખો : સાર્ક

- બીજા વિશ્વયુદ્ધ પછી આર્થિક સહયોગ અને સલામતીના ઉદેશૌથી પ્રેરાઈને પ્રાદેશિક પ્રક્રિયા યુરોપમાં શરૂ થઈ અને પછીથી સ્વતંત્ર દેશો વચ્ચે પરસ્પર અવલંબનની જાગરુક્તા તેમજ તેમને અહેસાસ થયો તે તેમનું વ્યક્તિગત હિત સમાન પરિસ્થિતિ ધરાવતા દેશો સાથે જોડાયેલું છે જેણે પ્રાદેશિક સહકારની પ્રક્રિયાને વેગવંતી બનાવી. વિકાસશીલ દેશોમાં આ પ્રક્રિયા મોડેમોડે પણ આરંભાઈ આવું જ પ્રાદેશિક સંગઠન એટલે "સાઉથ એશિયન એશોસિયેશન ફોર રિજીનલ કોઓપરેશન" એટલે કે સાર્ક.
- "સાર્ક" (SAARC) સ્થાપનાનો વિચાર : બાંગ્લાદેશના પ્રમુખ ઝિયા ઉર રહેમાના વૈચારીક મનોમંથનની નિપજના ભાગરૂપે 8 ડિસેમ્બર, 1985ના રોજ ઢાકા શિખર સંમેલનમાં સાર્કની સ્થાપના થઈ.
- સાર્કનો મુખ્ય હેતુ : સાર્કનો હેતુ આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક અને વૈજ્ઞાનિક ક્ષેત્રોમાં પરસ્પર સહકાર સાધવાનો છે.'
- "સાર્ક"ના સભ્ય દેશો : ભારત, બાંગ્લાદેશ, પાકિસ્તાન, ભૂતાન, નેપાળ, માલદીવ અને શ્રીલંકા. (અફઘાનિસ્તાન પાછળથી સામેલ થયું.)
- સાકર્મનો સિદ્ધાંત : મૈત્રી, વિકાસ અને પરસ્પરની સમજદારીની ભાવનાથી તેમના પોતાના પ્રશ્નો ઉકેલવા માટે પ્રાદેશિક સહકાર વિકસાવવાનો છે. માનવ સંપત્તિ અને કુદરતી સંપત્તિનો વધુમાં વધુ ઉપયોગ કરીને પોતપોતાના દેશોમાં આર્થિક અને સામાજિક પ્રક્રિયા ઝડપી બનાવવા માટેનો છે.

- ''સાર્કનું વડુમથક : નેપાળની રાજધાની કાઠમંડું સાર્કનું વડુમથક છે.

### 4. ટૂંકનોંધ લખો : G20

- ઈ.સ. 1999માં વિશ્વકક્ષાએ આર્થિકનીતિ અંગે આંતરરાષ્ટ્રીય સંકલન સાધવાના હેતુસર એક આંતરરાષ્ટ્રીય સંગઠનની સ્થાપના કરવામાં આવી. યુરોપિયન સંઘ સહિત, અમેરિકા, રશિયા, બ્રિટન, ચીન, ઓસ્ટ્રેલિયા, ફ્રાંસ, ભારત, બ્રાઝિલ, જાપાન, જર્મની જેવા મહત્ત્વના વીસ (20) રાષ્ટ્રો તેના સભ્યો છે.
- તેથી જ આ વીસ રાષ્ટ્રોના આંતરરાષ્ટ્રીય સંગઠનને G20 તરીકે ઓળખવામાં આવે છે. G20નું પ્રથમ શિખર સંમેલન 2008માં વોશિગ્ટન (ડીસી) ખાતે યોજવામાં આવ્યું. દર વર્ષે યોજના આ । શિખર સંમેલન 2015માં તૂર્કીમાં યોજાયું.
- G20 શિખર સંમેલનોમાં આર્થિક અને નાણાકીય નીતિ વિષયક મહત્વના મુદ્દાઓ ઉપર અભ્યાસ, સમીક્ષા અને ઉચ્ચતરીય ચર્ચાવિચારણા કરવામાં આવે છે. આર્થિક નીતિ અંગે આંતરરાષ્ટ્રિય સંકલન સાધી, આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિરતાની ઉન્નતિ માટે પ્રયત્ન કરવામાં આવે છે.

### 5. ભારતના પડોશી દેશો સાથેના સંબંધોનું મહત્ત્વ સ્પષ્ટ કરો.

- ભારતની નીતિ 'જીવો અને જીવા દો'ની છે. તેને કોઈપણ દેશ પર આક્રમણ ક્યારેય પણ કર્યું નથી. પરંતુ તે વર્ષોથી અલગ અલગ વિદેશી લોકોના આક્રમણનું ભોગ બન્યું છે. સમરસતા અને અસહિષ્ણુતા ભારતની સાચી ઓળખ છે. ભારત દેશના રાજકીય હિતો અને મૂલ્યોને નજર સમક્ષ રાખીને પાડોશી દેશો સાથે સારા સંબંધો સ્થાપ્યા હતા. ભારત તેના વિદેશો સાથેના સંબંધોમાં 'સાતત્યતા ' જળવાય તેવી શ્રદ્ધા રાખે છે.
- ભારત અનેક દેશો સાથે સંકળાયેલું છે. દક્ષિણ એશિયા વિસ્તારોમાં ભૂખંડના પરિણામમાં સૌથી મોટા દેશ તરીકે ભારતના પડોશમાં માલદીપ, શ્રીલંકા, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સરહદોથી જોડાયેલ છે. આ ઉપરાંત, ચીન, બમ અને અફઘાનિસ્તાનની સરહદ સાથે જોડાયેલી છે. ભારત પોતાના પંચશીલના સિદ્ધાંતો મુજબ શાંતિપૂર્ણ સહઅસ્તિત્ત્વની નીતિના સારરૂપે બધા જ પડોશી દેશો સાથે કાયમી રીતે શાંતિપૂર્ણ, મધૂરતા તેમજ મૈત્રીપૂર્ણ ઉષ્માભર્યા સંબંધો બંધાયા છે.
- પાડોશી હોવા નામે ઐતિહાસિક તથ્યો, ખોટી માન્યતાઓ બાહ્ય ડખલગીરી તેમજ આંતરરાષ્ટ્રીય રાજકારણની ઘટનાઓના સંદર્ભમાં સમસ્યાઓ પણ રહેલી છે. ભારતના બધા પાડોશી સાથેના સંબંધો એક સમાન નથી. તેમાં સમય આધારિત ઉતારચઢાવ આવ્યા છે. સમાયોજન અને પરિવર્તનો આવ્યા છે. પડોશી દેશો સાથે સંરક્ષણ અને વિદેશનીતિ એમ બંને દૃષ્ટિએ સુસંબંધો અગત્યના છે. ભારતના વડાપ્રધાનશ્રી અટલ બિહારી બાજપાઈએ કહ્યું છે કે, ''મિત્રો બદલી શકાય છે, પણ તમે તમારા પાડોશીને બદલી શકતા નથી.''

### 6. વિદેશી સંબંધોના સ્તરો કેટલા અને કયા છે?

- દુનિયાનું કોઈપણ દેશ સંપૂર્ણ રીતે સ્વાવલંબી નથી તેનું પરાવલંબન અન્ય દેશો સાથે સંબંધો સુધારવાની ફરજ પાડે છે. આ સંબંધો ત્રિસ્તરીય હોય છે,

(1) પાડોશી સ્તરઃ નજીક આવેલા અને સરહદી સીમાઓ જે અન્ય દેશો સાથે જોડાયેલી હોય તેવા દેશોનો સમાવેશ પાડોશી સ્તરના વિદેશી સંબંધોમાં થાય છે. જેમ કે સિમલા કરાર ભારતના પાડોશી દેશો એવા શ્રીલંકા, નેપાળ, પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે થયેલા વિવિધ પ્રકાર કરારો વગેરે.

(2) પ્રાદેશિક સ્તર : વિશ્વના જે પ્રદેશ કે વિસ્તારમાં દેશ આવેલો હોય તે પ્રદેશના અન્ય દેશો સાથેના સંબંધોનો સમાવેશ કરતું સ્તર પ્રાર્દેશિક સ્તર તરીકે ઓળખાય છે. ભારતના દક્ષિણ એશિયા અને પૂર્વ એશિયા દેશો સાથેના સંબંધો 'આશિયાન' કે સાર્ક શિખર સંમેલન.

(3) વૈશ્વિક સ્તર : વિશ્વની મહાસત્તાઓ, સર્વોચ્ચ સત્તા ધરાવતા દેશો સાથેના સંબંધોનો સમાવેશ આ સ્તરમાં થાય છે. બ્રિટન અને અમેરિકા વચ્ચે થયેલા ઊર્જા સંરક્ષણના કરારો , કયા કયા સ્તરના દેશો સાથે કેવા અને કેટલા પ્રમાણમાં સંબંધો બાંધવા , માટે અનેક પ્રયત્ન કરે છે, તેને આધારે વિદેશનીતિના ધ્યેયો સ્પષ્ટ થાય છે. વિદેશનીતિ દેશના હિતોના સંબંધમાં સતત પરીવર્તનશીલ છે.

## 7.કોઈપણ દેશની વિદેશ નીતિના ઉદ્દેશો કયા કયા હોય છે?

- વિદેશનીતિ એટલે બીજા દેશો સાથેના સંબંધો સમધારણ કરવા અને આંતરરાષ્ટ્રીય રાજકીય તેમજ આર્થિક ગતિવિધિઓમાં લાભ લેવો. વિદેશનીતિએ નીતિઓ, હેતુઓ અને હિતોનો સમૂહ છે કે જેના આધારે એક દેશ અન્ય દિવસો સાથે પોતાના સંબંધો સુધારી શકે છે, અને તેનું સંચાલન કરીને તેમાં ઉત્તરોઉત્તર વધારો કરે છે. દરેક દેશની વિદેશ નીતિ પરમય પોતાના દેશના રાષ્ટ્રીય હીતો અને રક્ષણ કરવાનું હોય છે. આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સૌથી મોખરે રાષ્ટ્રિય રીતોનો ખ્યાલ રાખવા આવે છે. વિદેશ નીતિમાં નીચેની કેટલીક બાબતોનો સમાવેશ થાય છે.

(1) પોતાનું સંરક્ષણ અને સલામતી પોતાના દેશના સંરક્ષણ કરવા માટે ભારતે પરમાણુ પરીક્ષણનો અને વિવિધ પ્રકારના શસ્ત્ર સરંજામનું ઉત્પાદન કર્યું છે.

(2) આર્થિક હિતોનું રક્ષણ : અન્ય દેશો સાથેના વ્યાપાર વાણિજયમાં પોતાના દેશને આર્થિક હિતોના રક્ષણ માટે હંમેશા પ્રયત્નશીલ હોય તેવી વિદેશ નીતિ તૈયાર કરવામાં આવે છે. ભારતે ઉ્ં અને ઋક્રંમાં ભારતમાં સબસીડી પ્રથા યથાવત રાખી છે.

(3) પોતાના નાગરિકો સુરક્ષા : દરેક દેશે અન્ય દેશોમાં વસવાટ કરતાં પોતાના દેશને નાગરિકોના જાનમાલની તેમજ તેમના હિતોનું રક્ષણ કરવા માટે પોતાની વિદેશ નીતિમાં ચોક્કસ જોગવાઈઓ કરવી જોઈએ, નાગરિક સંરક્ષણ માટે દેશના એ ભૂમિકા અગત્યની છે. અમેરિકામાં 26/11ના આતંકવાદી હુમલા સમયે તે અફઘાનિસ્તાન કે સીરિયાના બનાવો વખતે ભારત સરકારે પોતાના રાજદૂતો મારફતે પોતાના નાગરિકોના ચાલવાનું રક્ષણ કર્યું છે.